## પ્રકરણ ૨ જું.

### શાહનું અંતઃપુર–ચકમકનો ઉદ્ભવ.

"મારા કેસરભીના કંથ હો, સીધાવોજી રણવાટ." ના૦ ૬૦ કવિ.

ઇરાનની ભૂમિ આર્યવીરોનું દ્વિતીય રમણસ્થાન હતું. પુરાતન કાળમાં મેરુ ભૂમિમાંથી પ્રકૃતિના અનેક ઉત્પાતોને લીધે, વસતિસ્થાનનો ત્યાગ કરીને એક મહાન સુધરેલી અને વિદ્યાની શોખી પ્રજા ભૂમંડળમાં રટણ કરતી નીકળી હતી–સ્કંધ પ્રદેશમાં વાસો વસી, સૂર્યના શત્રુરૂપ બરફના અગાધ અસહ્ય વર્ષોથી તે રસાળ પ્રદેશને છોડી, દક્ષિણ તરફ તે બુદ્ધિમાનોનું ટોળું અગાડી વધતું વધતું છેક આર્યાવર્તમાં–બ્રહ્માવર્તમાં આવીને વસ્યું હતું. આમાંનો જ એક ભાગ, કોઇપણ આંતરીય કારણોને લીધે પાછો છૂટો પડી પશ્ચિમ તરફ ધસી ગયો હતો અને ત્યાં નવું આર્યસ્થાન–ઇરાન સ્થાપ્યું હતું. કાળના પ્રબળ પ્રવાહમાં વહેનાર બેય સ્થાનોના નરનારીઓએ પોતાના જાતિ સ્વભાવનું દુનિયાને દર્શન કરાવ્યું છે. અનેક પ્રકારની સુખ અને શાંતિ ભોગવી, વિજયનાં તોરણો એક સમુદ્રથી બીજા સમુદ્ર સુધી બંધાવી, પોતાની પતાકા તેણે પૃથ્વીના અનેક દેશોમાં ફરફરાવી હતી. જ્યાં તેઓ ગયા હતા ત્યાં ધર્મના, જ્ઞાનના, વિદ્યાના અને નીતિના પાઠો પઢાવ્યા હતા અને ત્યાંની વિદ્યા તથા લક્ષ્મીને ઘસડી લાવીને પોતાની માતૃભૂમિને દીપાવી–શૃંગારી હતી. પરંતુ આ વાર્તાના કાળમાં એટલે કે મહાત્મા ખ્રીસ્તની અઢારમી સદીના પ્રારંભમાં આ બેય દેશોમાં એક સરખી જ દુરાવસ્થા પ્રસરી રહી હતી. સર્વત્ર લુટફાટ, મારામારી ને કાપાકાપીનું રાજ્ય જોવામાં આવતું હતું. જો કોઇ બળવાન કે બુદ્ધિવાન બાદશાહ રાજ્યસત્તાનો અધિકારી થતો તો તેટલો વખત દેશમાં કાંઇક અંશે આંતરીય શાંતિ પ્રસરી રહેતી, પરંતુ તે વખતે પણ તે અધિષ્ઠાતા શાહ પોતાના જાતિ સ્વભાવાનુસાર બીજા કોઈ પણ પ્રકારના નવા નવા દુઃખોથી પ્રજાને ત્રાસ આપવામાં પશ્ચાત પડતો નહોતો. જ્યારે સત્તા નબળા અધિકારીના હાથમાં આવતી ત્યારે રાજ્યના ન્હાના મ્હોટા અમલદારો સ્વતંત્રપણે–યથેચ્છિતપણે પ્રજાવર્ગને સંતાપતા ને દેશમાં સ્ત્રી કે પુરુષની કોઈ પણ જાતની સંપત્તિ સુરક્ષિત રહી શકતી નહોતી.

રાજ્યલોભી અને ધર્માંધ પણ પ્રતાપી ઔરંગજેબના મરણ પછી હિંદમાં દુર્દશા વર્તી રહી હતી. કેટલીક વેળાએ તો છેક શાહનશાહના ખુદના બગીચામાં પણ સ્ત્રીની સંપત્તિ કે પુરુષના પ્રાણ હરાતા. આવી જ દુર્દશા ઇરાનમાં પણ પ્રબળપણે પથરાઈ ગઈ હતી. તેમાંથી તેનું તારણ કરનાર યુવાન પોધો અત્યારે ત્યાં શાહીપદ ભોગવતો હતો. તેણે તળ ઇરાનના

રાજ્યમાં સર્વત્ર વ્યવસ્થા, શાંતિ અને આબાદી પાથરી દીધી હતી. આ અલ્પકાલિન શાંતિનો આસ્વાદ ભોગવતું ઇરાન તેને ઇશ્વરી દૂત જેવો ગણી વધાવી લેતું હતું.

શાહાનોશાહ હોવાનો દાવો કરનાર, બાપીકી રાજ્યધાની ખીલાતમાંથી રાજ્ય લોભી કાકાના ત્રાસથી પોતાના અને ન્હાના ભાઇના પ્રાણ બચાવી ન્હાસી છૂટનાર, નાદિરશાહ–અથવા નાદીર કુલી અત્યારે પોતાના મહેલના એક ભાગમાં ખાનમ સાથે વિનોદમાં બેઠો હતો. પોતાની જ અફશર જાતની આ યુવાન્ બાળાના લલિત લાવણ્યથી તે સમયે તે મોહવશ થયો હતો અને હજુ રાજ્ય લોભે તેના હૃદય ઉપર સામ્રાજ્ય મેળવેલું નહોતું. તેઓની શૃંગારીક વિનોદ વાતે ધીરે ધીરે સ્વરૂપ બદલ્યું. શાહે તે ટેકીલી અફઘાનનું હીર જોવાની ઇચ્છાથી કે પોતાનું બળ દર્શાવવાની લાલસાથી, પોતે નવી આણેલી "શીરાઝી" ખાનમના સૌંદર્યની પ્રશંસા કીધી। "ઇનશાલ્લા–આ ઇરાની સ્ત્રીઓ કેવી ખુબસુરત છે. જે શાહની ગાદી ઉપર હું બેઠો છું, તેની પુત્રીએ, એક લુટારાના સરદાર સાથે નહિ પરણું કહી મ્હારું અપમાન કીધું અને મ્હારાથી બચવાને પોતાના દેહનો અંત આણ્યો. તેની સાથે સરખાવતાં તો આ "શીરાઝી" ખાનમ એક સ્વર્ગની હુરી જ છે."

"ખરેખર, શાહોનાશાહને ત્યાં મુખ ઉપર મુંછની રેખા જેવી કાળપ ધરાવનાર તુંગ મીજાજની, ખોટી ખુશામત કરનાર, અશ્લિલ ભાષા વાપરી જાણનાર, એક સાધારણ ઇરાની સ્ત્રી જ સૌંદર્યમતી ગણાવી જોઇએ છે। મ્હારા વહાલા ખાવિંદ–જો ત્હારી પોતાની જ જાતિની–ત્હારા બે પુત્રોની માતા–આ સૌંદર્યથી હીન પણ ત્હારા ને ત્હારા પુત્રો માટે પ્રાણ વિસર્જન કરવાને તત્પર ત્હારી ગુલામડીથી તને આનંદ ન આવતો હોય તો, આવી "શીરાઝી" જેવી રૂપસૌંદર્ય કે લાવણ્યતાથી રહિત ઓરતથી ન રાજી થતાં મદૈપીર ! ત્હારા દરજ્જાને યોગ્ય બીજી ખાનમ લાવ. દીલદાર હિંદના શાહનશાહની પુત્રીનાં વખાણ તો તમે સાંભળ્યાં છે. મ્હારા પ્યારા માલિક, તે શાહજાદી મ્હારા રેજાખાનને માટે લાવ ને ત્હારી સલતનની શોભામાં વૃદ્ધિ કર. ત્હારે પોતાને માટે જો ત્હારામાં મર્દાઇ હોય, જો તને રૂપ કે કુળની મ્હોટાઇ સમજાતી હોય, તો તું રૂમના સુલતાનની કે બોખારા ને ખીવાના શાહાનશાહની પુત્રીને પરણી લાવ. પણ તેનું માથું કરવાની પણ તમારામાં હિંમત ક્યાંથી આવશે? સુતેલા સર્પોને–ઝેરી નાગોને–છંછેડવા જેટલી તમારામાં શક્તિ કે હિંમત જ ક્યાં છે! આમ છે એથી જ એક રૂપ કે ગુણથી હીન, તમારા કારભારીની બહેનનાં જ વખાણ કર્યા કરો ને તેના જ મોહપાશમાં બંધાઇ રહો છો, એ જ ઉત્તમ છે."

આ શબ્દોથી–વાક્ય બાણોના પ્રહારોથી–નાદીરના આખા શરીરમાં–

રોમેરોમમાં-બળતી જ્વાળા પેરે-અંતર્જ્વર પેઠે-ક્રોધાગ્નિ પ્રસરી રહ્યો. તેની ખાનમે હાસ્યવિનોદમાં, વા પ્રતિસ્પર્ધીની પ્રશંસાથી પ્રજ્વલિત થયેલા ઇર્ષ્યાગ્નિના વેગમાં, વા નવિન નવિન દેશોનું આધિપત્ય પ્રાપ્ત કરાવી પોતાના પતિની પ્રતિષ્ઠામાં ને તે દ્વારા પોતાના ગૌરવમાં વૃદ્ધિ કરવાની ઇચ્છાથી, વા અકસ્માત જ મનમાં આવી ગયેલા વેગથી ગમે તે કારણથી પણ તે પોતે પણ નહિ ધારતી હશે તેવો ભયંકર કોપાનળ ઉત્પન્ન કીધો. તેના પોતાના બળ ઉપર કે હિંમત ઉપર તેની જ ખાનમ શક લઈ જાય છે, એ વિચારથી અપમાન પેરે આ શબ્દોને ગણી લેનાર શાહની મુખમુદ્રા વાયુના વેગે ફેરવાઈ ગઈ. તેના મુખ ઉપરની નસો તરી આવી, તેના મ્હોટા ને લાંબા નાકના પહોળાં નસકોરાં વેગથી ફુલવા લાગ્યાં, તેની આંખો લાલ ચોળ બની ગઈ–અગ્નિ વર્ષાવવા લાગી. તેનું આ સ્વરૂપાન્તર જોઈ ખાનમે વખત વિચારી લીધો ને તેને શાંત પાડવાની પ્રબળ આતુરતાથી–તીવ્ર ઉત્કંઠાથી–તે એકદમ તેને ગળે વળગી પડી, તેના પગો ઉપર પડી, તેને ચુંબન કરવા લાગી અને મૃદુ સ્વરે પણ ભ્રમરના ગણગણાટ જેવી ત્વરાથી તે બોલી,–"નુરેજેહાંન! વહાલા, ખાવિંદ, આ તમારી ગુલામડીના હૃદયનો આનન્દ આજે અણહદ છે. મ્હારા શબ્દોમાં તે પ્રકટ કરવાની પણ શક્તિ નથી. મ્હારા કાંત. તમારી મર્દાઈ, તમારી પ્રબળ હિંમત, દઢ યુદ્ધશક્તિ, જગતમાં જાણીતી થઈ ગઈ છે. આખા ઇરાનની સલતનતને ધ્રુજાવનારને વારંવાર યુદ્ધમાં હરાવેલો. તેના પુત્રોના તથા પુત્રીના પ્રાણો હરનાર, તેમને ગુલામગીરીના કામો માટે વેચનાર–માણસ ચોર તુર્કો, ગીલાન પચાવી પડવાની કોશિશમાં નિષ્ફળ ઉતરેલા રશિયનો ત્હારી પ્રબળ સત્તાના ફળો ચાખી ચૂક્યા છે, "તે ત્હારી કીર્તિને દિગંતમાં પ્રસારી રહ્યા છે. અલહેમદુલિલ્લાહ! શુક્રે ખોદા! પ્યારા ખાવિંદ! હવે તમો આ દાસીની સેવા અંગીકાર કરો ને રાત્રિ શાંતિમાં ગુજારો. પ્રભાતે દરબાર ભરી તમારા એલચીઓને હિંદના શાહનશાહ પાસે મોકલાવો કે, પયગમ્બર મહમદના ત્રણે જહાંનની અંદરના અંધકારને નાશ કરવાવાળા પવિત્ર પેગામોના પ્રવર્તક અને પાળક આપણે બન્ને ભાઈઓ છીએ. અમારી ઈચ્છા છે કે, હિન્દ અને ઇરાનના પુત્રો પણ ભાઈ ભાઈ પ્રમાણે જં એક બીજાથી મળીને રહે ને પરસ્પરમાં પ્રેમ અને વ્યાપારની વૃદ્ધિ કરે. આપણી ભાઈબંધી–મિત્રાચારી ગાઢી અને દઢ બનાવવાની મ્હારી ઇચ્છા છે, માટે આ અમારા એલચીને મોકલ્યા છે, તેમની સાથે તમારી પુત્રીને મ્હારા મ્હોટા પુત્ર બહાદુર, યુદ્ધનિપુણ, સમરવિજયી શાહજાદા માટે મોકલી આપો! તમારી ઇચ્છા હશે તો અમો ત્યાં આવી બેય સલતનતને ઘટે તેવી ધામધુમથી લગ્ન કરીશું, નહિતર પ્યારી શાહજાદીના અત્રે આવી પહોંચ્યા બાદ અમો અત્રે

તેનાં લગ્ન કરીશું. ઓ શાહનશાહે હિંદ! જો મ્હારી આ માંગણીનો અસ્વીકાર કરશો તો મ્હારા બહાદુર વીરો, સિપાહસાલારો ને કુનીઝકો, મારા શુરવીર અફઘાનો ને અફશારો, તમારી તેવી ઉદ્ધતતાની શિક્ષા કરવાને તૈયાર રહેશે ને મ્હારો વીર્યવાન્ રેઝાખાન જાતે આવીને સ્વહસ્તે તમારી પાસેથી તે પુત્રીને મેળવશે! નુરે ઇસ્લામ અને શાહે ઇરાન નાદીરના હાથો લાંબા છે, તેનાં શસ્ત્રો તીવ્ર ને પાણીદાર છે, તેનાં માણસો શુરા, પૂરા ને ઉત્સાહી છે, તેનો ખજાનો ભરેલો હોવા છતાં તખ્તે હિન્દની દૌલતથી તે વધારે ભરાવાની ઇચ્છાવાળો છે, પવિત્ર અલિનો આ દાસ પોતાની માંગણીનો સ્વીકાર કરાવવાની શક્તિવાળો છે, માટે જે પણ જવાબ આપો તે વિચારીને જ આપજો."

"માલિકે મુલ્ક, આપના આ કહેણનો પ્રત્યુત્તર નકારમાં આપવાની તે એશઆરામી, જનાનાવાસી શાહનશાહની સહેજ પણ હિંમત થવાની નથી, ને થશે તો મ્હારા વહાલા ખાવિંદ તેનો પૂરતો બદલો લેવાને સમર્થ છે. માટે, દરિયાએ હાફેઝ! હવે આરામ કરો." ઉપલા પાછલા બોલો એક પછી એક ધીરે ધીરે બોલતાં, વચમાં વચમાં શાહના મુખ ઉપર પ્રેમભરી આનંદોત્સાહ દર્શક દષ્ટિ ફેરવતાં, તે લાવણ્યમયી પ્રૌઢા–બે વીર પુત્રોની માતા—નાદીરના પ્રથમ પ્રણયની માલિકા, હાસ્ય સાથે તેને કોટે ફરીથી વળગી પડી કે શાહનો ક્રોધાગ્નિ પ્રેમાગ્નિમાં બદલાઈ ગયો. તેણે તેના "તોપઝ"ના વહનથી, કર્કશ બનેલા હાથોથી, તેના ગાલ ઉપર પ્રેમપૂર્વક આંગળીઓ અફાળીને એક સ્મિતપૂર્વક ચુંબનરૂપી ઇનામ આપી, શીરાઝના દ્રાક્ષારસને પણ હરિફાઈમાં હરાવી નાંખનાર અધરામૃતનું પાન કરતા કરતા, ક્રોધથી તપેલા તેના શુષ્ક કંઠને ઠંડો પાડવાને, તેમાં બે મ્હોટા મ્હોટા જામ ભરીને દારુ રેડી દીધો. જો કે બાહ્ય દૃષ્ટિથી નાદીરનું મન શાંત થયું જણાતું હતું, પણ તેનો વેગ હજુ શમી ગયો નહોતો. તેની નિંદ્રા આજે શાંત અને સ્વસ્થ નહોતી, પણ તે વચમાં વચમાં બરાડી ઉઠતો હતો અને તે તેના ચોંકાવનારા શબ્દો હિન્દના, બોખારાના અને તુર્કીના, ત્રણેના ઉપર આફત વર્ષાવશે, એવી આગાહી આપતા હતા. આજની આખી રાત્રિ શાહોના શાહને ઘણી જ લાંબી લાગતી ને વચમાં વચમાં તે જ્યારે ઝબકી ઉઠતો ત્યારે તેની પ્રેમા લાયો, પોતે અણધાર્યા પ્રજ્વલિત કરેલા આ કોપાનળનું શું પરિણામ આવશે, તેની ચિંતાથી નિંદ્રા રહિત થયેલી, તે સૌંદર્યવતી યુવાનખાનમ, તેને પ્રેમના શબ્દોથી વધાવી લેઇને શાંત કરતી તથા શીરાઝના જામથી તથા કુદરતના અમૃતપૂર્ણ ઓષ્ઠોથી તેને પ્રસન્ન કરીને પાછી ઉંઘાડી દેતી હતી. તેણે રાત્રિમાં જ ઠરાવ કીધો કે, એક પછી એક ત્રણે શાહનશાહતો ઉપર માંગણી મોકલવી ને પૃથ્વીપરની

ચારે શાહનશાહતોને ક્યાં તો એક પદે કરવી અથવા તો લમની પવિત્ર ગાંઠ સાંધીને ચોખંડ પૃથ્વીમાં ઇસ્લામનો વાવટો ફરકાવનાર ચારે શાહનશાહતોમાં–પરસ્પરમાં પ્રેમ ને મિત્રાચારી વધારવી ને સાચા દીનનો ચારે તરફ ફેલાવ કરવો.

## પ્રકરણ ૩ જું.

## વિસ્ફુલિંગ ઝર્યું!

"જર, જોરુ ને જમીન," એ ત્રણેને ઉત્પાતમૂલક કહેનાર કવિએ સહેજ પણ અતિશયોક્તિ કીધી નથી. આ પૃથ્વીના પડ ઉપરના કોઈ પણ દેશના કે પ્રજાના–ભૂતકાળના કે વર્તમાનકાળના–ઇતિહાસના પાના જોનારને આ કહેતી અક્ષરશઃ સત્ય જણાશે જ. જ્યાં દૃષ્ટિપાત કરશો ત્યાં આ ત્રણમાંથી એક, બે કે ત્રણેના નિમિત્તે ઉલ્કાપાત થતો–પ્રલયાગ્નિ પેરે સર્વત્ર વિનાશ ને શોકનો વર્ષાદ થતો–દેખાશે. એક પ્રજાના ઉદયકાળમાં બીજી પ્રજાઓ ઉપર લૂટ ને અગ્નિના વર્ષાદ વર્ષાવનાર લડાઇનું નિમિત્ત, ધર્મ–નામધારી ધર્મ–ખરેખર તો રાજ્ય લોભ કે ધન લોભ જ–માંથી ઉદ્‌ભવતું, પવિત્ર યજ્ઞની આહુતિ અર્થે નિર્માયેલ અશ્વના રક્ષણ નિમિત્તે ભારતવર્ષમાં કેટલીવાર ચારે તરફ પ્રાણની અને સુખની હાનિ કીધી છે, તે રામાયણ, મહાભારત, તથા બીજા અનેક કાવ્યો અને પુરાણોના વાંચકને નવું સમજાવવાનું નથી. દેવના ઉદ્ધારાર્થે જ ભગવાન્ સત્યેન્દ્ર પ્રકટ્યા હતા; ધર્મ ઝુંડો ફરફરાવવાને જ, પૃથ્વી ઉપરના આર્યધર્મના વિરોધી અસુરોનો સંહાર કરવાને જ,–ભગવાન્ નૃસિંહ, રામ અને કૃષ્ણના અવતાર થયા હતા; તે જ કારણે સ્માર્ત અને વૈષ્ણવોએ પરસ્પરનાં માથાંઓ ઉડાવી તેની રુંડની માળ જગતના પ્રલયના અધિષ્ઠાતા દેવ શંકરના ભયાનકરૂપ ભૈરવના–કાળના કંઠમાં અનેકવાર આરોપી હતી; અને હજુ પણ આજે મહાત્મા ઇસુની વીસમી સદીના આરંભમાં પણ, જ્યારે વિદ્યાના સત્યમય પ્રવાહથી શુદ્ધ થયેલી પ્રજાઓ, પરસ્પરમાંથી ધર્મનિમિત્ત ઝગડાઓને દૂર કરવાને મથી રહી છે અને સર્વ ધર્મ પ્રતિ સમાનવૃત્તિ રાખવાને ઉદ્‌બોધી રહી છે, ત્યારે પણ ચોખૂણ પૃથ્વીમાં અનેક તારકો–ના, ભોળાગ્રબુદ્ધિવાળાઓ, તપ કે પવિત્રતાના ઉગ્ર પ્રતાપથી અરક્ષિત, એક કુવામાંના દેડકા જેવા અનેક ધર્મના ઝઘડાઓ મચાવી, કેહેર વર્તાવે છે! ધર્મના નિમિત્તે જ હિંદમાં અનેકવાર પરસ્પરમાં કેહેર વર્તાવ્યો હતો. એ જ યુરોપના સર્વ દેશોના, એશીયાના સર્વ દેશોના અને આફ્રીકા તથા અમેરીકાના સર્વ ભાગોના ઇતિહાસમાં પણ જોવામાં આવે છે. જનકલ્યાણાર્થે સ્વદેહને વિસર્જન કરનાર ક્રાઇસ્ટના આરામગાહની પ્રાપ્તિ નિમિત્તે, ખ્રિસ્તના દશમાંથી તે સત્તરમા સૈકા લગીમાં કેટલું લોહી રેડાયું છે, કેટલો રક્તપ્રવાહ નીકળ્યો છે

તે "ક્રુસેડ"–અહાહા–ધર્મયુદ્ધના બ્યાનો આપનાર ગ્રંથો જોવાથી માલમ પડે છે. "કૅથોલિક" અને "પ્રોટેસ્ટંટ" મતોના વેંજામાં સપડાયલી પાશ્ચાત્ય પ્રજાઓના કયા દેશમાં પરસ્પરનો વિગ્રહ નથી થયો કે કયાં આગળ એક જ દેશ અને જાત તથા ધર્મના બંધુઓએ એકબીજાનો નાશ, યુદ્ધથી, વિષથી કે અગ્નિથી નથી કીધો? "એક હાથમાં તલવાર ને બીજા હાથમાં કુરાન" નો ઉપદેશ આપનાર બગદાદના ખલીફાઓએ તથા બીજા ન્હાના મ્હોટા શાહોએ, તૈમુર તથા જંઘીસખાન જેવા પ્રબળ લુટારાઓએ, ઇસ્લામના પવિત્ર નામને રકતથી કેટલી-વાર તરબોલ કીધું હતું, તે કયાં આ દેશની પ્રજાથી અજાણ્યું છે?

આવી રીતે ધર્મ અનેકવાર સંહારનું કારણ થઈ પડેલો જાણ્યો છે. પણ તેના કરતાં વિશેષ સંહાર કર્તા તો જગતની વૃદ્ધિ કરવાની અપરિમેય શક્તિ ધરાવનાર સ્ત્રી જાતિ જ નિવડી છે. પ્રજાઓની વૃદ્ધિ કરનાર પુરુષના અર્ધાંગ તરીકે સર્વત્ર સ્વીકારાયેલી નિર્બળ કહેવાતી નારીએ, કયાં સંહાર નથી કરાવ્યો? કયો દેશ તેના નિમિત્તે પ્રજ્વળેલા અગ્નિથી બચ્યો છે? કેઈ પ્રજા તદર્થે ઉદ્દભવેલા યુદ્ધોના દારુણ પરિણામોથી ને હાનિથી બચેલી છે? પાશ્ચાત્ય કે પૌર્વિય સર્વ દેશોમાં, સ્ત્રીને અર્થે અનેકવાર અનેક જાતના કષ્ટાગ્નિ વર્ષેલા છે. ઇતિહાસના આરંભથી જ શું ગ્રીસ કે શું રોમ, શું ઇજીપ્ત કે શું ઇરાન, શું તુર્ક કે શું ચીન, શું હિંદ, કે શું ઇંગ્લંડ, સર્વ ઠેકાણે સઘળી પ્રજામાં બીજા બધા નિમિત્તો કરતાં સ્ત્રી નિમિત્તે જ–સ્ત્રીને લીધે જ–નારીના પ્રભાવે જ–અબળાની પ્રબળ સત્તાને કારણે જ–વધારે સંહાર, વધારે નાશ ને વધારે હાનિ થયેલી જોશો.

મહાભારત તથા રામાયણનાં મહાયુદ્ધો, સમુદ્ર મન્થનાંતે દેવ દૈત્યોનો વિગ્રહ, ટ્રોયનો વિનાશ, રાજપૂતસ્થાનના શિરોભાગે વિરાજી રહેલા ચિતોડ અને ઉદેપુરના ખંડિયેરો, કર્નાલનું યુદ્ધ અને દિલ્હીની કત્લેઆમ પણ આ જ કારણને આભારી છે. પૃથ્વીનાં ઇતિહાસમાં મહારાજ ભર્તૃહરિના રાજ્યપદના ત્યાગ કીધા પછીથી તે અત્યાર સુધીમાં દરેકે દરેક દેશે, સ્ત્રી નિમિત્ત ઘણું જ સહ્યું છે. જેમ પ્રજાની સ્થિતિના કાળમાં ધર્મ નિમિત્ત યુદ્ધો–કષ્ટો અને વિપ્લવો દરેક પ્રજાએ ને દેશે જોયાં–અનુભવ્યાં–સહ્યાં ને સહેવા દીધાં છે, તેમ જ પ્રજાના યુવાવસ્થાના કાળમાં કામદેવની પ્રબળ શક્તિને વશ થયેલી, યુવાનીના ઉછળતા લોહીના નવિન વેગને બળથી વહન કરતી પ્રજાઓએ, સ્ત્રીનિમિત્તે, સ્ત્રીની લાલસાએ–દરેકે દરેક પ્રજાએ, પરસ્પરમાં તથા બીજી પ્રજાઓ સાથે અનેક યુદ્ધો–વિગ્રહો–દારુણ રમખાણો મચાવ્યાં છે–હજારોની કત્લો કીધી છે ને કરાવી છે–લક્ષાવધિ જનોના પ્રાણો હરી હરાવી તેમના કુમળા સ્ત્રી પુત્રોને નિરાધાર, દુઃખી ને કલ્પાંત કરતા બનાવ્યા છે. મંદોદરી સરખી સર્વરૂપ ગુણ લાવણ્યસંપન્ન ભાર્યાથી અસંતુષ્ટ બનનાર બ્રાહ્મણ વિદ્વાન્ રત્ન, આર્યકુળોત્પન્ન, પણ અનાર્ય જાતિઓ

ઉપર અધિકાર જમાવી, તેમની રીતિ નીતિમાં વર્તનાર ગર્વોદ્ધત રાવણ, સહકુટુંબ સહપ્રજા આજ કારણે વિનાશ પામેલો વાલ્મીકિએ વર્ણવ્યો છે. વિશ્વવિજયી ગણાતું ટ્રોય, તેમાં જ નાશ પામી ગયું હતું. અનેક વીરોના ભોગે પ્રાપ્ત કરેલું ઇજીપ્તનું સ્વાતંત્ર્ય, રોમ મહારાજ્યે તે જ કારણે ગુમાવ્યું હતું. ગ્રીસના સમગ્ર રાજ્યો સામે સફળ પ્રયત્નો કરી એથેન્સની કીર્તિ ગજાવનાર પેરીકલીસનો વિનાશ એક સ્ત્રીએ જ કરાવ્યો હતો! ચોહાણકુળતિલક પૃથ્વીરાજની પડતીનો અને સાથે સાથે જ હિંદમાંના હિંદુ સાર્વભૌમપદનો તથા સ્વરાજ્યનો, રાજપૂતોના હાથમાંથી નષ્ટ થવાનો આરંભ-પાયો-પણ એક સ્ત્રીના તથા ધર્મના નિમિત્તમાંથી જ રચાયો હતો.

જેમ પ્રજાના યુવાવસ્થાના કાળમાં સ્ત્રી પડતીનું તથા અનેક વિગ્રહોનું મૂળ રોપનાર જણાઈ છે, તેમ જ ધન-દ્રવ્ય-જર તેનું મહાકારણ બનેલું જોયું, સાંભળ્યું ને અનુભવેલું છે. પાશ્ચાત્ય પ્રજાઓના ઉદયનો ઇતિહાસ એ આ જ નિમિત્ત દાખવે છે. બીજી પ્રજાઓના સુખ શાંતિનો-સ્વતંત્રતાનો-દ્રવ્યનો-તેમને હાથે થયેલા હ્રાસનો જ તે ઇતિહાસ છે. વ્યાપાર નિમિત્તે બીજા દેશોમાં જઈ, ત્યાં યેન-કેન પ્રકારેણ પોતાનો પગદંડો રોપી, મર્કટરીતિ મુજબ ધીરેધીરે તેમાં પગપેસારો વધુ ને વધુ કરતાં જઈ, આખરે તે આખા દેશના દેશ હોઇયાં કરી જઈ, ત્યાંની પ્રજાની બાહ્ય દૃષ્ટિએ ઉન્નતિ કરવાની ભાવના દાખવી, કોઈ પ્રાચીન પ્રજાને તેમણે દેશમાં નાખ્યાં નથી; તમારું તે મ્હારું ને મ્હારું તો મ્હારું છે જ, એ શુષ્ક વેદાં-તને તે પ્રજાએ સર્વ વર્ગોએ ઘણા આદરથી અભ્યાસ કીધેલો છે. તમારા દેશમાં તમારે ઘેર-હું મ્હારી સ્વેચ્છાથી આવું-તમારા નિમન્ત્રણ વિના આવું-તમારા બોલાવ્યા વિના પેસું-તમારી અનિચ્છા છતાં વાસો વસી રહું-તમારી સ્પષ્ટ નારાજી છતાં ઘર વસાવું-અને તેટલું છતાં તમો મ્હારો યથોચિત સત્કાર ન કરો-મને સર્વ પ્રકારની સાનુકૂળતા ન કરી આપો-તો પછી તે બળાત્કારે માંગવાનો પણ મ્હારો હક છે અને તમને મુખેથી મ્હારાજ, એવો તકાદો કરું-જિહ્વાએ પોતાના કહી ગાઉં-તમોને મ્હારા મહાન્ અંગના જ એક ભાગરૂ. ગાઈ-વગાડી-પોકારી-જાહેર કરું;-છતાં તમો મ્હારા અંગમાંના એકનો-સ્પષ્ટપણે મ્હારા તરીકે સ્વીકારાયેલા હોવા છતાં-મ્હારા અંગમાંના બીજા, તમારો તિરસ્કાર કરે, તમોને વિના કારણ દુઃખ દે-સતાવે-રંજાડે-દુઃખી કરે-સંતાપે ને છેવટે તાડે-મારે કે હાંકી કહાડે,-તોપણ હું તમારું રક્ષણ કરવાને બંધાયેલ નથી! તેટલું જ નહિ, પણ તેના બદ-લામાં જો તમે કોઇપણ જાતનો પ્રતિકારરૂપી પગલું ભરવાનો દાવો કરશો તો તે હું તમારો હક સ્વીકારી શકીશ કે અમલમાં મૂકી શકીશ નહીં! આ પ્રમાણે ત્રીજા યુગમાં વ્યાપાર નિમિત્તે-ધન નિમિત્તે-અનેક દેશોની પાયમાલી થયેલી નજરે જોઈ-સાંભળી-વાંચી-અનુભવેલી છે. પીરુ અને

મેક્સીકોની કહેવાતી જંગલી પણ ઇતિહાસકારોના મત પ્રમાણે તે કાળના સ્પેનિયર્ડોના અને પોર્ટુગીસો કરતાં વધારે સુધરેલી પ્રજાનાં આજે નામ નિશાન પણ દેખાતાં નથી. હિંદ-ભૂમંડલના મુકુટમણિ-ચુડામણિ જેવું હિંદ-પવિત્રમાં પવિત્ર ભૂમિ-સાક્ષાત્ પરમાત્માના વિહારની રમણીય વાટિકા, અનેક ધર્માધિકારીઓ તથા સ્થાપકોની ઉત્પાદક વિશાળ ઉદ્યાનશાળા-જે પરતંત્ર દશા અનુભવે છે, તેનું પણ કારણ આ તૃતીયકાળનો વેગવાન્ દ્રવ્યોપાર્જનનો પ્રવાહ જ છે. આ જ વ્યાપાર નિમિત્તે જાપાન ઉપર પણ ધુજારો ગયો હતો. તેવા જ કારણે ચીન જાપાન, ચીન રશીયા અને રશીયા જાપાન લડ્યા હતા. આવા જ વ્યાપાર માટે યુરોપની જુદી જુદી પ્રજાઓ અત્ર આવી હતી ને અત્ર વ્યાપારની વખારો ઉઘાડી શનૈઃ શનૈઃ ન્હાના ન્હાના તે કાળમાં હિંદમાં જોવામાં આવતા કિલ્લા જેવા મજબૂત સંરક્ષિત કારખાનાઓ-વખારો-કોઠીઓ ઉભા કરીને પ્રથમમાં પોતાનો પગપેસારો કીધો હતો. તેમ જ યુરોપ એશીયાના બીજા સર્વ દેશોમાં સર્વત્ર તે પ્રજાના સ્વદેશ પ્રેમી સ્વાર્થ ત્યાગી વીરજનોએ, શાહનશાહ-રાજા-અમીર-ઉમરાવોની સેવા કરી, તેના પારિતોષિકમાં પોતાને માટે કાંઈ પણ ન માંગી લેતાં, પોતાના દેશીજનો માટે કેટલાક વ્યાપારી હકો માંગી લીધા હતા. આ પછી તેના માણસોમાંના કેટલાક વિચક્ષણ પુરુષોએ, દેશમાં ચારે તરફ ચાલતી અવ્યવસ્થા-અંધાધુની જોઈ-રાજ્યના ન્હાના મ્હોટા અમલદારોની પરસ્પરની ઇર્ષ્યા-રાજ્યને ભોગે તે દેશના જનોના અવજોગે, પોતાની જ સત્તા વધારવાની ઘેલછા પારખી,-સ્વાર્થરત આ આંધળાઓ, સોનાના ઇંડા આપનાર મૃગનું રક્ષણ કરી, તેના દ્વારે પોતે પણ સુખી બનવાની ઇચ્છા ન રાખતાં, એક બીજાનાં મૂળ છેદવાની લાલસામાં, પોતાની સમગ્ર સંસ્થાના પોષક વૃક્ષના મૂળનો ઉચ્છેદ કરવા મથતા હતા, તે પ્રત્યક્ષ કરી! હવે કોણ મૂર્ખ હોય કે તેનો લાભ પોતાના દેશને માટે મેળવી લેવાની સ્વદેશદાઝની વૃત્તિ ન કરે? દેશમાંના જૂદા જૂદા રાજા-મહારાજા-નવાબ-સુલતાન-બની બેઠેલા, ભાઈ ભાઇને કાપવા ધારે, ત્યારે કોણ સ્વાર્થ ન સાંધે? મૂળમાં દિલ્હીશ્વરના અમલદાર-સુબાઓની દરબારોમાં પોતાનો પગપેસારો તેમણે કીધો. આ દરબારોમાં ભરાઈ, ત્યાંની ચેષ્ટાઓ જોઈ, તેઓએ તેમનો ઉપયોગ પ્રથમમાં તો પોતાના દેશના-ખંડના-અન્ય ભાગોની-બીજી પ્રજાઓનો પગ કાઢવામાં કીધો. કોઇને કોઈ નિમિત્તે આ પાશ્ચાત્ય પ્રજાઓ આ વિદેશી ભૂમિમાં આવ્યા પછી પણ પરસ્પરમાં વિગ્રહો કરવા લાગી અને જ્યાં સુધી બીજી સર્વ પ્રજાઓએ હારી-હઠી-કંટાળી-ત્રાસી-નિરાસ બની-આ ભૂમિનો ત્યાગ કીધો નહિ અને માત્ર એક જ પ્રજાના જનો આ સૂર્યવંશી ઇક્ષ્વાકુરાજાઓની પ્રાચીનભૂમિમાં રહ્યા નહિ, ત્યાં સુધી આવો વિગ્રહ

ચાલુ રહ્યો અને પાછળથી તે રહેલી પ્રજાના કાર્યકુશળ–ચાણાક્યના શિષ્યોએ પોતાનો દંડનોપણ દેશમાં દાટયો ! એ પણ ઈશ્વરની લીલા છે ! 'લંકાની લાડી ને વારાણસીનો વર'–જોડું અચનતું–ન સંધાય તેવું ! છતાં લંકાની લાડી વારાણસીના વરને વરી ! ઈશ્વરની લીલા કોણ વર્ણવી શકે !

પૂર્વ દેશના એક તે જ કાળના મહાન યોધાના જીવનના વાર્તારૂપી અલ્પાંશ વૃત્તાંતમાં સવિસ્તર આપવાની આવશ્યકતા નથી. દેશોમાં મહામ્હોટાં દારૂણ યુદ્ધો–લડાઈ ટંટાઓ–ઝઘડા બખેડાઓ–સત્તાના વિપ્લવો–ફારફેરો ને ઉથલપાથલો–દેશના જનોના જાનમાલની દુરાવસ્થા–કેવા કેવા નિમિત્તે પ્રજાના જૂદા જૂદા કાળોમાં થાય છે, તે જ માત્ર અત્ર કહેવાનો આશય છે. જ્યારે પાશ્ચાત્ય દેશોની તરૂણાવસ્થામાં પેસતી પ્રજાઓ આ પ્રમાણે દ્રવ્યોપાર્જન નિમિત્તે–વ્યાપાર નિમિત્તે–બીજા દેશોમાં રમખાણ મચાવવાની તૈયારીમાં હતી વા મચાવતી હતી, ત્યારે પૂર્વખંડની એક પ્રાચીન પ્રજાના વંશજોના નવિન આર્યસ્થાનમાંના જનો, પોતાની અસલ સ્થીતિમાંથી પતન પામવા છતાં પણ, પાછા નવું જીવન ધારણ કરવા મથતા હતા અને નવા નવા યોધાઓનાં ઝુંડા નીચે એકત્ર થઈ, પુનઃ પુનઃ બાલ્યાવસ્થાની ચેષ્ટાઓ–યુદ્ધો ને લુટફાટો–ધર્મ નિમિત્તે અને સ્ત્રી નિમિત્તે–કરતા નાચતા કુદતા હતા. ધર્મ તો સર્વત્ર સર્વ કાળમાં બાહ્ય નિમિત્ત જ હોય છે! બાકી અર્થ અને કામ જ ખરાં નિમિત્ત હોય છે. પ્રજાના નેતા પણ તે જ બે નિમિત્તોથી દોરાતા–પ્રેરાતા હતા, પણ ધર્મને નામનું બ્હાનું બનાવતા હતા. તે આ વાર્તામાંથી આગળ જતાં સ્પષ્ટ થશે જ.

જૂદી જૂદી પ્રજાઓના જીવનના જૂદા જૂદા કાળમાં એક જ જાતના કારણથી નવા નવા પ્રકારની ચંચળતા ફેલાય છે, તેમ જ ઇરાનના રાજ્યમાં જૂના–નિર્બળ–વિષયાસક્ત–ત્રિયાપાશથી બદ્ધ–પરહસ્તે વેચાયેલ જેવા સત્તાધીશ શાહની સત્તાનો, જનસમૂહે વા ખરું પૂછો તો તેના જ પૂર્વજોના જ અનુગ્રહથી થયેલા અમલદારો તથા અમીર ઉમરાવોએ અને સૈન્યજનોએ જ, અંત આણ્યો હતો ! તેને સ્થાને પિતૃ ઉપાર્જિત બાપીકી મિલકતને સ્વબળે પ્રાપ્ત કરી–મ્હોટા સેનાધીશ–શાહનો મૂખ્ય સેનાધિપતિ બનેલ કંદહારના સુબાને, ઇરાનના તખ્ત ઉપર બેસાડ્યા પછી, તેના પ્રબળ–ઉત્સાહી–અર્થાર્થી જીવનની–સતત પ્રવૃત્તિમય વૃત્તિવાળી–સત્તાના પ્રબળ વેગમાં નુતન બાલ્યાવસ્થા પ્રાપ્ત કરનારી પ્રજા ઘસડાતી હતી. ઘસડાતી હતી એમ કહેવાનું કારણ એ જ કે, આ સમયે તે દેશની પ્રજા સ્વતંત્રપણે લાભાલાભ કે સારાસારનો વિચાર કરવા અથવા તો સ્વેચ્છિત માર્ગે વહન કરવા સમર્થ નહોતી. પણ દકમનનો નદો શાહ જેમ, જે માર્ગે ખેંચે–ઘસડી લઈ જાય–તેમ જ વહી જતી હતી. શાહ નાદિરની પ્રજા પદભ્રષ્ટ થયેલ શાહના ત્રાસથી કંટાળેલી હતી. તેણે નાંખેલા અનેક કરોના

ભારથી દબાયેલી હોવાથી નિર્ધનાવસ્થાનાં અનેક કષ્ટોને સહન કરતી હતી; અને તેથી જ તેમને પ્રાપ્ત કરવાના, તેમ જ ઇરાનીઓના નિરુદ્યમી, પણ ઉદ્યમી અને ઝનુની મનને, કાર્યના પ્રવાહમાં-ઉત્સાહમાં-વેગમાં-ગરબડમાં રોકવાના-પ્રયત્ન કરવાની શાહને ખાસ જરૂર હતી. તેણે ઇરાનની આંતરીય વ્યવસ્થા હવે કરી હતી અને તેથી જ દેશને લૂટનારા-પ્રપંચી અને શત્રુ આગળ નમી જઈ-કાયર-ભીરુ-બીને જ પીડનારા-તે દેશના કહેવાતા યોધાઓને-તેમનું નિત્યનું કામ-મરવું કે મારવું-શાહની વ્યવસ્થિત રાજ્યસત્તાના બળે અટકી ગયેલું હોવાથી, હવે નવા કાર્યમાં પ્રવૃત્ત કરી, દેશની શાંતિમાં તેઓ પુનઃ પુનઃ ખલલ ન કરી શકે તેમ કરવાની જરૂર હતી. તેમ જ નાદિરે પોતે મેળવેલા વઝીરોના-આફ્રીદીઓના-યુસુફઝાઇઓના-ઓક્સસ નદીના દક્ષિણના અને હિંદની વાયવ્ય સરહદની પેલી તરફના મુલકોના બહાદૂર-યુદ્ધનિપુણ-નિરંતર લડવામાં જ મોજ માનનાર-વાણીથી વિભૂષિત પશુના જેવા જ આચારવાળા જનોની વૃત્તિને પણ, ઉદ્યમે લગાડવાની જરૂર હતી.

તંબુના નગ્રમાં આનંદ માનનાર નાદિર, હવે શું નવિન પ્રવૃત્તિ કાઢવી, એવી ચિંતા કરતો હતો. તેટલામાં જ પાછલા પ્રકરણમાં કહેલો સંવાદ ઉત્પન્ન થયો હતો. આ પ્રણય સંવાદથી તેના હૃદયમાં પોતાને કુલીનમાં ખપાવવાની-ત્રણે ઇસ્લામી શાહનશાહતોની બરોબરનું જ ચોથું ઇરાનનું પોતાનું તાજ પણ છે એવું ગણાવવાની, તેની લોભવૃત્તિ જાગ્રત થઈ ગઈ. તેની બાળપણથી જ સાથી બની રહેલી-અનેક સુખ દુઃખની ભાગિયણ-સ્વજાતિની જ પત્નીના મર્મ વચનોથી, તેનું મન વિંધાયું-ના, દગ્ધ થયું! તેથી ત્રણમાંના એક મહાન્ શાહનશાહની કન્યાઓને, પોતાના કે પોતાના પુત્રના જનાનામાં લાવીને પોતાની ખાનમનો મદ ઉતારવાની તેને દૃઢ ઇચ્છા થઈ. માજી શાહની બહેને તથા પુત્રીએ, તેનો તથા તેના પુત્રનો અનાદર કરીને સ્વાત્મહત્યા કીધી, તે વાત હવે તેના ઉશ્કેરાયેલા મનમાં તાજી થઈ આવી!

રાત્રિભર તેણે અનેક જાતના વિચારોથી ઉત્પન્ન સ્વપ્નોને લીધે અસ્વસ્થતામાં ગાળી. પ્રભાત થતાં જ તેણે રોજનું દરબારનું કાર્ય પૂરું કીધું. સંધ્યાકાળે રાજ્યના ખાસ મહાન્ કાર્ય માટે અમીર ઉમરાવોની સલાહ લેવાને મ્હોટી દરબાર ભરાશે એવો ઢંઢેરો ફેરવી, પોતે મહેલમાં પધાર્યો. સાથે તેના અંગત સલાહકારો-અર્ધ મિત્રો જેવા અહમદશાહ તથા તેનો ખજાનચી-મહેસુલી અમલદાર-અલીઅકબર શીરાઝી હતા. મહેલમાં આવી શાહ પોતાનાં વસ્ત્રો કાઢી તખ્ત ઉપર-પલંગ ઉપર પડખાભર બેઠો. નીચે જ નાંખેલા મ્હોટા રેશમી ઉંચા ઇરાની ગાલીચા ઉપર અહમદ ને શીરાઝી બેઠા. તુરત જ શાહના ખાસ ખવાસે લાવીને એક ન્હાનું ટેબલ તથા તેના

૫૧૧૯



ઉપર ઉંચામાં ઉંચી જાતના શીરાઝી દારૂના ચાર શીશો અને ત્રણ ગ્લાસો મૂક્યા. શાહ બોલાવે તો તુરત હાજર થઈ શકાય, પણ તેઓનો વાર્તાલાપ સાંભળી ન શકાય એવે સ્થાને તે ઉભો.

શીરાઝીએ એ ત્રણે ગ્લાસો ભર્યાં. એક શાહને કે પોતાના માલિકને આપતો હોય તેમ નહિ, પણ પોતાના એક અંગત મિત્રને આપતો હોય તેમ તેણે તેમાંનું એક ગ્લાસ શાહને આપ્યું; એક અહમદને આપી, ત્રીજું પોતે લીધું. આપેલું ગ્લાસ એકજ ઘુટડે ગટાવી જઈ, બીજીવાર તે ભરી આપે, માટે તેણે તે શીરાઝીના હાથમાં આપ્યું અને આપતાં આપતાં બોલ્યો,–"પ્યારા મિત્રો, મને પૂર્ણ ઈતબાર છે કે, તમો મને ખરેખરી સલાહ આપશો. આજે મેં દરબાર બોલાવી છે તે શા માટે બોલાવી છે, તે તમો જાણો છો શું? જો તમારાથી બને તો તેનું કારણ પરખી કાઢો!"

આટલું બોલી શાહ ચૂપ રહ્યો. થોડીવાર તો ત્રણમાંથી કોઈપણ બોલ્યું નહિ. પણ તે દરમ્યાન અહમદશાહના હાથે તો પોતાનું કામ ચાલુ રાખ્યું. શાહનું ગ્લાસ ફરીથી ભરીને તેના હાથમાં આપ્યું. શાહ તે હાથમાં ધરી તેના સોનેરી જળ જેવા જણાતા, પણ ફીણવાળા પ્રવાહી ઉપર જોઈ રહ્યો હતો. તે જોઈ અલી અકબર બોલ્યો; "નુરે જેહાન–પાદશાહે સલામત! આ આસમાનના સિતારાની ચાલ જાણી, તથા તેની ગણના કરી શકાય, પણ આપના સુંદર દીલમાંના વિચારો પારખી શકાય નહિ. હાલમાં ચારે તરફ શાંતિ છે. સરહદપરના લોકો પણ નિરુપદ્રવી થઈ રહ્યા છે; રૈયત પણ શાંત બેઠી છે! તેવા સમયમાં એકાએક શાહોના શાહને પોતાના તાબેદાર અને વફાદાર અમીરોનું શું કામ પડ્યું તે આ ગુલામથી તો સમજાતું નથી. હું ધારું છે કે, ગમે ત્યાં પણ આ કામમાં કોઈ સ્ત્રી કારણરૂપ છે!"

છેલ્લા શબ્દો સાંભળી શાહ ખડખડ હસી પડ્યો. તે બોલી ઉઠ્યો; "શાબાશ, શાબાશ! મ્હારા કોશાધીશ, તેં પણ ખૂબ કીધી! વારુ કહેશે આમાં સ્ત્રી કારણ છે, એમ ત્હેં શાથી અનુમાન્યું?"

"શાહોના શાહ, વાલીદે ઈસ્લામ! શું એમાં કાંઈ મેં મ્હોટો ચમત્કાર કીધો છે? શાહ કાલે રાત્રે બાર વાગતે આ બેય ગુલામોને છોડીને જનાનામાં વડી બેગમને ત્યાં પધાર્યાં, ત્યાં સુધી તો શાંત હતા: કાંઈપણ ઉદ્વેગનું કે શોકનું મુખપર દર્શન થતું નહોતું. પરંતુ પ્રાતઃકાળે દરબારમાં પધાર્યા ત્યારે શાંતિના સાગર શાહનું ચિત્ત ઉદ્વિગ્ન બની ગયું હતું, તેપરથીજ મેં કલ્પના કીધી હતી કે, રાત્રે કાંઈપણ અવનવું બન્યું હોવું જોઈએ!"

"દરિયાવે હાફેઝ!" અહમદે કહ્યું; "આ બધી લાંબી લાંબી વાતો જવા દો અને દરબારનું કાર્ય કહો!"

"પીરમર્દ, હું તે જ કહું છું તે સાંભળ. કાલે રાત્રે મને એકાએક માજી શાહની બ્હેન મીરઆંબેગમનું તથા તેની પુત્રી કુલસમ બેગમનું સ્મરણ થઈ આવ્યું; તથા તેમણે મરતાં પહેલે મ્હારી તથા મ્હારા વ્હાલા પુત્રની માંગણીનો અસ્વીકાર માત્ર જ ન કરતાં-અનેક પ્રકારે સમજાવવા છતાં પણ-માહરું તથા મ્હારા વહાલા ફરજંદનું અને તેની વાલિદાનું જે અપમાન કીધું હતું, તે મને હાલ સાંભરી આવ્યું અને તેથી મ્હારું, અનેક બીજી પ્રજાઓના શાહોની જાણમાં આવે તેવું, આ અપમાન કરનારને શી શિક્ષા કરવી, તેનો હું વિચાર કરવા લાગ્યો. મને માત્ર એક જ માર્ગ સૂઝે છે કે, મ્હારે માટે તથા રૈજાખાનને માટે, જો હું રૂમના સુલતાનની, શાહે બોખારા અને ખીવાની તથા શાહનશાહે હિંદની કન્યાઓ લાવું તો જ આ અપમાનનો નાશ થઈ જાય. આથી મ્હારી ઇચ્છા થાય છે કે, મ્હારે દિલ્લી લખીને ત્યાંની શાહજાદીને બોલાવી મંગાવવી અને જો તે ન મોકલે તો લડીને બળાત્કારે પણ લાવવી."

શાહના આ શબ્દોથી બન્ને જણા સહેજ વિસ્મીત થયા. પણ વિચાર કરીને કાંઇક પાછા મંદ સ્વરે બોલવા લાગ્યા. અહમદે કહ્યું; "ગરીબ નિવાજ! આ વિચાર ઘણો જ ઉત્તમ છે. હિંદની શાહનશાહજાદીની તારીફ ચારો મુલકમાં થાય છે; અને તૈમુરના આ વંશજો પોતાના કુલીનપણાથી એવા તો ગર્વિષ્ઠ બની રહ્યા છે કે, પોતાની બાલકીઓનાં લગ્ન કોઇની પણ સાથે કરતા જ નથી. આ કાર્ય સત્વર કરવા જેવું છે ને તેથી બેગમ પ્રાપ્ત થશે અને તખ્તે ઇરાનની કીર્તિમાં વધારો થશે એટલું જ નહિ પણ તેના ધનમાં પણ વૃદ્ધિ થશે અને પ્રજાજનોમાં પણ લડથી આવેલ લક્ષ્મી રેલી જશે!"

"વાત તો ખરી કહે છે, પણ હજુ તો સાજે સોગટી કાચી છે, તેનો કાંઈ વિચાર કીધો ખરો? માંગણી કરવી સહેલ છે, પણ માંગણીનું અપમાન થતે તેનું વેર લેવું તેટલું સહેલ નથી. શાહનશાયતે હિંદ મ્હોટી બળવાન સત્તા ધરાવે છે અને તેની સામે હાથ ઊંચકતાં પૂર્વે બહુ જ સંભાળ રાખવાની છે. બીજા શાહનશાહની કન્યા લાવી બુલંદ દરજ્જાના શાહે પોતાનું પદગૌરવ હજુ વધારવું જોઇએ, એ તદન વાસ્તવિક જ છે. પણ સાપને છંછેડતાં પહેલાં તે ઝેરી છે કે નહિ તથા તેને મારવાનાં સાધન છે કે નહિ, તે તપાસવાની જરૂરીયાત છે."

"હાફેઝ અને શેખશાદીના ઉપાસક, ધનલોભી ત્હારા જેવા બીરુ દિલનીના મ્હોમાં આ શિવાય બીજા કયા શબ્દો શોભશે? એક હિંદની તો શું, પણ જો આખા ભૂમંડલની બધી પ્રજાઓ સાથે, એકી વખતે ઝૂમવું પડે તો તેને પણ પ્હોંચી વળવાને શાહે ઇરાનના બુલંદ હાથો પૂરતા છે. તેના માણસોમાં-તેના સૈન્યમાં-ત્હારા જેવા બાહેરથી શૂરા-જનાના

મુનસીને ડરાવવામાં જ શૌર્ય બતાવનારા-ત્હારા ઈરાનીઓ બહુ જ થોડા છે! મ્હોટા ભાગે તો તેમાં રણશૂર અફઘાનો, યુદ્ધમાં પીઠ નહિ દેખાડનારા યુસુફઝાઈઓ અને આફ્રીદીઓ, શત્રુમાં કેહેર વર્તાવનારા ગીલઝીઓ અને અફશરો, સૈન્યને મોખરે ચાલવામાં જ મોજ માનનારા તુર્કોમાનો અને વઝીરીઓ જ છે. જો હિંદનો શાહનશાહ આ માંગણીનો ઈન્કાર કરીને આહે ઈરાનની સત્તાના પ્રબળપણાથી પોતે અજ્ઞાન છે એવું જાહેર કરશે તો તેને તેના ઘટતા ફેજે પહોંચાડવામાં આ બહાદુર યોધાઓ જરાક પણ પાછા નહિ પડે."

પોતાને મારવામાં આવેલા ટોણાંથી તથા પોતાના હમશર્ઈકો અને દેશી બંધુઓના ઉપરના ટીકાથી સહેજ પણ ગુસ્સો પોતાને થયો છે એવું નહિ દેખાડનાર-પૂર્વ દેશના જનોની માફક ગંભીરતા ધારણ કરવામાં શૂર-શીરાઝી, ઉપલા શબ્દો સાંભળી અટ્ટહાસ્ય કરતો હોય તેમ ખડખડ હસી પડ્યો અને ગ્લાસો ફરીથી ભરીને આપવા તથા પીવા લાગ્યો. શાંતપણે-જાણે કાંઈપણ અવનવું સાંભળ્યું ન હોય તેમ નભસ્વશપણે-એ ગ્લાસ એક ઉપર એક ખાલી કરીને મુખ ઉપર હાથ ફેરવતો ફેરવતો તે ધીરે ધીરે બોલ્યો; "ખાન સાહેબ! હું તો જાણતો હતો કે, તમે તરવાર જ ચલાવી જાણો છો, પણ તમારી જીભ પણ આટલી કુરાગતા ધરાવે છે તે જોઈ મને ઘણો જ આનંદ થયો છે. ભલા! તમારા બહાદૂર સીપાહીઓને પેટ છે કે નહિ?"

તેના આ પ્રશ્નથી શાહ હસવું રોકી શક્યો નહિ. આવી રીતે બેયને હસતા જોઈ તેના કહેવાનો ભાવાર્થ સમજી જનાર અહમદખાને પણ હસતાં હસતાં શાંત મુદ્રાથી જવાબ આપ્યો;-"તેમના પેટની ચિંતા તેઓ કરતા નથી. તંબુમાં રહેનાર શાહના માણસો, જંગલમાંથી ખાવાનું મેળવી શકે છે અને નહીં મળે તો ત્હારા જેવાના જીવ ઉપર ધસે છે તો તે સહજમાં પ્રાપ્ત થાય છે. માટે ત્હારી ચિંતા તું કર અને અમને ત્હારા હાથ છૂટા થાય, માટે હિંદની અખૂટ ધન સંપત્તિ લૂટી લાવવા દે!"

આ વિચિત્ર ત્રિપુટી આમ અનેક વેળા વિનોદ તથા ચર્ચા કરતી અનેક કાર્યનો નિશ્ચય કરતી હતી. આજે પણ શાહ પોતાના જનાનામાં ગયો તે પહેલાં નક્કી થઈ ગયું કે, સાંજના દરબારમાં દિલ્હીપતિ તરફ તથા રૂમના સુલતાન તરફ એલચીઓ મોકલવા ને તેમની શાહજાદીઓના હાથની માંગણી, રેજાખાન માટે તથા તેના ન્હાના ભાઈ માટે કરવી અને શાહે પોતાને માટે બુખારાના સુલતાનની શાહજાદીની માંગણી, આ એના ઉત્તરો આવ્યા પછી સમયાનુસારે કરવી.

## પ્રકરણ ચોથું.

### દરબાર.

સાંજના પાંચ વાગતે શાહના મ્હોટા મહેલમાંના દિવાનેખાસમાં સર્વે અમીર ઉમરાવોને મળવાનું હતું. શામાટે આમ એકાએક શાહે ખાસ મંડળ એકઠું કીધું હતું, તે કોઈ જાણતું નહોતું અને તેથી અમલદાર વર્ગમાં–અમીર ઉમરાવોમાં–અને ખાસ ઈસ્ફાન શહેરમાં–અનેક જાતની ચર્ચા–ગામ ગપાટા–ચાલી રહ્યા હતા. સામાન્ય જનસમૂહ સ્થળે સ્થળે ટોળાબંધ એકઠા થતાં અને ત્યાં અનેક જાતના તર્ક વિતર્કો કરતાં, દરબારમાં પ્રશસ્તિ પામેલા શાહના માનીતા ગણાતા અમલદારો અને ઉમરાવોના ઘરના નોકરોને જો કોઈ દેખતાં તો તેની ઓળખાણ પીછાણવાળા તેને રોકતાં અને તેને આ ખાસ સભાના કારણો પૂછતાં. "જાનમાં કોઈ જાણે નહિ ને હું વરની ફોઇ, વાતમાં કોઈ પૂછે નહિ ને દોડી દોડી મૂઉં," તેના જેવા આ નોકરો, જાણે પોતે કેવીક ખાસ માહીતી ધરાવતા હોય તેવા ખાલી ડોળ દમામ બતાવતા ને ટોળાની વચમાં જાણે કેવાક મ્હોટા વજનદાર માણસ હોય તેમ હાથીના લ્હેકાં કરતા, કાંઈને કાંઈ ઉટાંગઉટાંગ જેવું ગોઠવી દેતા ને ચટકાએ ચડેલા પ્રજાજનો આવાં આવાં ગપ્પાંઓથી અંજાતા ને તે ઉપર અનેક રીતે ચર્ચા–સંવાદ કરતા. ઈસ્ફાન શહેરમાં ગલીએ ગલીએ અને બજારે બજારે આ સ્થિતિ થઈ રહી હતી. જ્યારે ત્રણ વાગાથી રાજમાર્ગો ઉપર ઘોડેસ્વારોની અને અમીર ઉમરાવોના રસાલાઓની દોડધામ થઈ રહી હતી.

ઈરાનના આ બળવાન–યુદ્ધનિપુણ–લૂટારા–લડવૈયા શાહનો, દિવાને ખાસ જોવો હોય તો એક ઘડીભર મ્હારી સાથે તમે પણ ત્યાં ચાલો. હું પણ તમારા જેવો જ છું; નથી તે શાહનો અમલદાર–કે નથી તેનો ઉમરાવ કે તે ઉમરાવનો નોકર. વળી ધન સંપત્તિમાં પણ પેલા વ્રજના વિલાસી–ખાસ રાધા છે જેની દાસી–એવા રાસાભ્યાસી–મુરલીના બજૈયા કહાન કુંવરના ખાસ મિત્ર–મહારાજ સુદામાજીના જેવો જ હોવાથી, શાહના આમંત્રણની આશા નથી, તેમ તેની પરવા પણ નથી. સુદામાજી જેવો હોવાથી મને પણ ખાસ લેવાને દ્વારપર અષ્ટ પટરાણીસહ પધારનાર તે દ્વારિકાપતિના પ્રમાણે જ મારો મિત્ર નાદિર, મંડળી સહિત દિવાને ખાસના દ્વારપર ઉભો રહેશે ને મ્હારી સાથે સાથે હું તમને પણ ત્યાં ઘુસાડીશ અને તે શાહોના શાહની મ્હોટી મીજલસમાં શી શી ખાસ ચર્ચા ચાલશે તથા શા શા મહત્ કાર્યોના ઠરાવો–વિચારો–થશે, તે દેખાડીશ–સંભળાવીશ.

જો નાદિરને સ્વહસ્તે જ દિવાને ખાસ કે મહેલ બાંધવાનો હતે તો તે નવીન શાહનશાહત સ્થાપનાર–રણવગડામાં જન્મ પામી–કાકાના ઘરમાં

ઉછરનાર- અકબરના લાલ કિલ્લા જેવો સાદો પણ કિલ્લો બાંધી શકતે કે નહિ, તે શકમંદ વાત હોવાથી, આપણે તે ઉપર આલોચના ન કરતાં, માજી શાહના બુઝર્ગોએ પોતાના જાહોજલાલીના સમયમાં બાંધેલા તે મહાન્ મહાલયના બીજા ભાગોમાં હાલ ન જતાં, ફક્ત દિવાને ખાસમાં જ જઈશું.

એક મ્હોટો મહેલ, જેની લંબાઇ પૂર્વ પશ્ચિમમાં બસેં કે અઢીસેં વાર હશે, તેના પશ્ચિમ તરફના છેડા તરફ એક પહોળી પાંખની માફક આ ભવન આવેલું હતું. મુખ્ય મહેલમાંથી તેમાં જવાના માર્ગની બેય તરફ સુંદર નકસીદાર ભૂરારંગના ગ્રેનાઇટ પથ્થરની જાળીઓ હતી અને આ જાળીઓની ઉપર જ્યારે શાહને તે માર્ગેથી જવું કે આવવું હોય, ત્યારે રેશમી કાળા રંગના જાડા પડદા નાંખી દેવામાં આવતા હતા. બેય તરફ સીપાઇઓનો બેવડી હારવાળો પહેરો, દીવાલ માફક ગોઠવાતો હતો. શાહનો આ માર્ગ ખાસ દિવાનખાનાના પાછલા ભાગપરની દીવાલના દરવાજા આગળ પૂરો થતો હતો. આ દિવાનખાનું ત્રણસેં ફુટ જેટલું લાંબું અને સવાસેં ફુટ જેટલું પહોળું હતું. તેની પછીત, જે ઉત્તર તરફ આવી હતી અને જેમાં શાહના માર્ગનો દરવાજો હતો, તેનાથી લગભગ સાઠ ફુટને અંતરે મ્હોટી જાળીદાર પણ મજબૂત કનાતની આડ ગોઠવેલી હતી. રેશમના આ પડદાના દ્વારને એક તરફથી ઉંચે કીમતી કીનખાબ જડેલો હતો. તેની જાળીની રચના એવી હતી કે, અંદરનાં માણસો બાહેર બનતા દરેક બનાવ સાંભળ્યા વિના જોઈ શકે, પણ બાહેરવાળાને અંદરનું કાંઈ પણ દેખાય નહિ. છેલ્લા શાહની પૂર્વેના ચાર શાહોના વખતથી ત્યાં આગળ દિવાનેખાસની દરબાર ભરી હતી, ત્યારે કાંઈ પણ પહેરો રાખવામાં આવતો નહોતો. તે ચારે શાહોનું માનવું ને કહેવું એવું હતું કે, અત્રે ફક્ત રાજ્યના સ્તંભરૂપ અમલદારો, અમીરો અને ખાસ જનો જ આવતાં હોવાથી, શાહને તેમના તરફથી કાંઈ પણ ભય રાખવાની જરૂર નથી. વાડ ખેતરનો કે ખેડુતનો વિનાશ કરતી નથી, એમ તેમનું માનવું હતું. પણ છેલ્લા શાહના સંબંધમાં આ માનનિયતા ખોટી પડી હતી. એ જ દરવાજામાંથી તે જેવો બાહેર પડ્યો કે, તેના ઉપર ખુની હુમલો કરીને તેને પકડ્યો; પદભ્રષ્ટ કીધો. આ કારણથી આ ચારે પેઢીના રિવાજ બદલીને નાદિરે ત્યાં પોતાના ખાસ અંગરક્ષકો—ચુનંદા કુનીઝકોને—રાખવા માંડ્યા હતા. છસો ચુનંદા રક્ષકો તે દિવાલને અઢેલીને ચાર હારમાં જાઓબીચ ગોઠવાઈ રહેતા અને શાહની જીંદગીનું જોખમ દૂર કરવાને જ માત્ર તેઓએ ત્યાંથી હાલવું, એવી તેમને સખ્ત આજ્ઞા હતી.

આ પડદાની બાહેર એક મોટું સિંહાસન ગોઠવેલું હતું. તે સોનાનું હતું કે સોને રસેલું હતું, તે કોઇ પણ ચોકસીઓએ જાણ્યું નથી, તેમ જ